# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

Tele. GRAM : SOGUNI
Phone : 2227141
to
2227146

તાર : સોગુનિ
ટેલિફોન : ૨૨૨૭૧૪૧
થી
૨૨૨૭૧૪૬


## પ રિ પ ત્ર

વિષય : અનુસ્નાતક કેન્દ્રોમાં બહારથી બોલાવાતા મુલાકાતી શિક્ષકો (Visiting P.G. Teachers) બાબત.

અનુસ્નાતક કેન્દ્રો ચલાવતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા જે તે સંબંધકર્તા પ્રોફેસર ઈનચાર્જશ્રીઓને આથી સૂચના આપવાની કે, તેમનાં વિષયનાં અનુસ્નાતક કેન્દ્રમાં શૈક્ષણિક કાર્ય માટે – વર્ગો લેવા માટે જયારે જયારે બહારની અન્ય કોલેજમાંથી મુલાકાતી શિક્ષકોને (Visiting P.G. Teachers) બોલાવવાની જરૂરિયાત ઉભી થાય ત્યારે તેવા સંજોગોમાં યુનિવર્સિટી પર તેમના TA / DA પેટે બિનજરૂરી – વધારાનું આર્થિક ભારણ ન વધે તે મુદ્દો લક્ષમાં રાખી નજીકની કોલેજમાંથી જ માન્ય શિક્ષકોને જ બોલાવવાનો આગ્રહ રાખવો અને દૂરની કોલેજમાંથી કોઈને બોલાવવા નહિ અને તે અંગે જે તે કેન્દ્રની ઓફિશિયલ દરખાસ્ત, જે તે ફેકલ્ટીનાં ડીનશ્રીની ભલામણ મેળવી કુલપતિશ્રીને મોકલી તે પરત્વે યુનિવર્સિટીની પૂર્વમંજૂરી / પરવાનગી મેળવ્યા બાદ જે તે મુલાકાતી શિક્ષકોને બોલાવવા માટે કોલેજ દ્વારા આમંત્રણ પત્ર મોકલવાનું રાખવું અને તદઅનુસાર યુનિવર્સિટી કાર્યાલયની પ્રસ્તુત સૂચનાનો અચૂક અમલ કરવાનું રાખવું.

નોંધ : કુલપતિશ્રી / યુનિવર્સિટીની પૂર્વમંજૂરી વગર કોઈપણ વીઝીટીંગ પી.જી. ટીચરને શૈક્ષણિક કાર્ય માટે આમંત્રણ આપવું નહી.

KMPandya
ઈ.ચા. કુલસચિવ

ક્રમાંક : પીજી/ વીટી/ ૫૬૨૪/ ૨૦૦૪
તા : ૮ મી જુલાઈ, ૨૦૦૪

નકલ સવિનય રવાના પ્રતિ :– (જાણ તથા અમલ કરવા સારૂ)...
(૧) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ.
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોનાં જે તે વિષય / કેન્દ્રનાં પ્રોફેસર ઈનચાર્જશ્રીઓ.
(૩) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગનાં વડાશ્રીઓ.
(૪) મુખ્ય હિસાબી અધિકારી, હિસાબી વિભાગ, દ.ગુ. યુનિવર્સિટી, સુરત
પ્રતિ ઘટિત કરવા સારું....